|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.
૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

## શ્રેણી – ૧૭

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે**

**(અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** (૫)

૧. પાયપુચ્છણેણં **રજોહરણ – ગુચ્છાથી** **બારમું વ્રત**

૨. ઓહાસણભિક્ખાએ **વિશિષ્ટ વસ્તુ માગીને ભિક્ષા લેવા વડે** **બીજું શ્રમણસૂત્ર**

૩. મયટ્ઠાણેહિં **મદના સ્થાનથી** **ચોથું શ્રમણસૂત્ર**

૪. અણુપાલિયં **પાલન કરેલ** **સામાયિકનો આઠમો પાઠ**

૫. નેઆઉયં **ન્યાયયુક્ત છે** **પાંચમું શ્રમણસૂત્ર**

**(આ) આગમ પરિચય અને ૩૨ અસ્વાધ્યાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** (૧૦)

૧. ચાતુર્માસના પ્રારંભમાં કઈ અસજ્ઝાય હોય છે? **પ્રારંભમાં અષાઢ સુદ પૂનમ અને વદ એકમ.**

૨. ચંદ્રોપરાગ અસજ્ઝાય ક્યારે હોય? કેટલા સમયની? ત્રણ શબ્દમાં લખો.

**પૂનમના દિવસે. ૮ પ્રહરની, ૧૨ પ્રહરની.**

૩. ગર્જિત, રાજવ્યુદ્ગ્રહ અને સંધ્યાની અસજ્ઝાય કેટલા સમય સુધી રહે છે?

**ગર્જિત – ૨ પ્રહર સુધી. વિદ્યુત – રાજવ્યુદ્ગ્રહ – ચાલે ત્યાં સુધી. સંધ્યા – ૧ મુહૂર્ત.**

૪. ઉત્કાલિક સૂત્ર કોને કહેવાય? **જેનો સ્વાધ્યાય અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર કરી શકાય છે.**

૫. ભગવતી સૂત્રમાં કોનું વર્ણન છે? **૩૬૦૦૦ પ્રશ્નોત્તર, ગોશાલક, જમાલિ, જયંતિ શ્રાવિકા આદિનું વર્ણન.**

૬. ૧૨ ઉપાંગ સૂત્રોની રચના કોણ કરે છે? **જ. ૧૦ પૂર્વી ઉ. ૧૪ પૂર્વના જ્ઞાની સ્થવિરો.**

૭. વ્યવહાર સૂત્ર અને જીવાભિગમની આગમ શૈલી શું છે? **ઉદ્દેશક, પ્રતિપત્તી.**

૮. પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન કયા આગમમાં છે? તે કાલિક છે કે ઉત્કાલિક? અંગ છે કે ઉપાંગ?

**નંદી સૂત્ર. ઉત્કાલિક. અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર. મૂળ છે.**

૯. અસજ્ઝાય એટલે શું? તે કોને લાગુ પડે છે? **અસ્વાધ્યાય. તે સૂત્રના મૂળ પાઠને જ લાગુ પડે છે.**

૧૦. યૂપકનું બીજું નામ શું છે? તેની અસજ્ઝાય કેટલા પ્રહરની હોય છે?

**સંધ્યા છેદાવરણ, એક પ્રથમ પ્રહરની.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ધૂંસરી પરિમાણ એટલે શું?

**સાડા ત્રણ ચાર હાથ દૂર સુધી દષ્ટિમાં પહેલાં સાંકડો અને પછી આગળ પહોળો.**

૨. પલાલ એટલે શું? **ઘાસના તણખલાઓ.**

૩. વંદનાનો પ્રતિભાવ ભગવાન ન આપે તો લોકો શું કરતા હતા?

**દંડાથી મારતા, કેશ ખેંચતા, શરીરને ઈજા પહોંચાડતા હતા.**

૪. પ્રભુએ શેને જાણીને શેના પ્રત્યાખ્યાન લીધા હતા?

**કર્મબંધને જાણીને કર્મને ઉત્પન્ન કરનારા પાપના પ્રત્યાખ્યાન લીધા હતા.**

૫. સંયમમાં અને અસંયમમાં શું થાય છે? **અરતિ, રતિ**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. ઉદ્વર્તન કોનું થાય છે? **નારકી, ભવનપતિ**

૨. ભરત, ઈરવતમાં શેની દષ્ટિએ કોઈ વિશેષતા નથી? **નગર, નદી**

૩. ઉપમા અદ્ધાકાળના પ્રકાર કયા છે? **પલ્યોપમ, સાગરોપમ**

૪. લીલા વર્ણના તીર્થંકર કયા હતા? **મલ્લિનાથ, પાર્શ્વનાથ**

૫. શેના કારણે ગર્ભસ્થ જીવ આત્મપ્રદેશોને બહાર ફેલાવે છે? **વેદના, કષાય**

૬. ક્યા દેવલોકમાં અવગાહના ચાર હાથની છે? તે દેવલોકના નામ લખો. **મહાશુક્ર, સહસ્રાર**

૭. કયા યોગથી જીવ પ્રત્યાખ્યાન કરે છે? **મન, વચન**

૮. આગાર અને અણગાર ધર્મમાં કયા વ્રત હોય? **અણુવ્રત, મહાવ્રત**

૯. નિર્ગ્રંથને જે કાર્ય પૂર્વ અને ઉત્તર દિશા તરફ કરવાના છે તેમાં બીજું અને ત્રીજું કારણ શું કરવા માટે છે?

**મુંડિત, શિક્ષિત**

૧૦. શરીરની હાનિ કયા રોગને કારણે થાય છે? **વાત, પિત્ત**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. ધન્ય સાર્થવાહે બીજી પુત્રવધૂને શેના રૂપે નિયુક્ત કરી? બે શબ્દમાં લખો. **દાસી, રસોયાણી.**

૨. પહેલી પુત્રવધૂએ દાણાનું શું કર્યું? **દાણાને એક તરફ ફેંકી દીધા.**

૩. જે સાધુ–સાધ્વી પાંચ મહાવ્રતની વૃદ્ધિ કરે છે તે શેનાથી મુકત થાય છે? એક શબ્દમાં લખો. **સંસાર**

૪. ચાર ગતિરૂપ સંસાર જંગલને પાર કોણ કરે છે? **જે સાધુ–સાધ્વી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.**

૫. ધન્ય સાર્થવાહે ગાડા–ગાડીને આવતા જોઇને શું અનુભવ્યું? બે શબ્દમાં લખો. **પ્રસન્નતા, સંતોષ.**

૬. જ્ઞાતાધર્મકથા સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક? રચના કોણે કરી છે? **કાલિક, સુધર્મા સ્વામીએ.**

૭. ધન્ય સાર્થવાહના પહેલા નંબરના પુત્ર–પુત્રવધૂના નામ લખો. **ધનપાલ–ઉજ્ઝિકા.**

૮. સાધુ દીક્ષા લઈને શેનાથી હીન થાય છે? બે શબ્દમાં લખો. **શાંતિ, ક્ષમા.**

૯. શુક્લપક્ષનો બીજનો ચંદ્ર એકમના ચંદ્ર કરતા કેવો હોય છે?

**અધિક વર્ણવાળો યાવત્ મંડલથી અધિકતર હોય છે.**

૧૦. કર્મચારી પુરુષ ક્યારીની ચારે બાજુ વાડ કરી શું કરવા લાગ્યા? **સંરક્ષણ, સંગોપન, સંવર્ધન.**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. આનંદ ગાથાપતિ રાજા અને ધનિક વગેરેને કેવી રીતે મદદરૂપ થતા હતા? પોતાના કુટુંબના શું હતા?

**તેમના ઘણા કાર્યોમાં તથા કુટુંબોમાં, ગૂઢ રહસ્યોને ઉકેલવામાં, ન્યાય કરવામાં, વ્યવહારમાં પૂછવા યોગ્યમાં, સલાહ લેવા યોગ્ય હતા. પોતાના કુટુંબના મેઢીરૂપ, આધારરૂપ, પ્રમાણરૂપ તેમજ સર્વ કાર્યોને વધારનારા હતા.**

૨. આનંદ શ્રાવકે મુખવાસની મર્યાદા કેવી રીતે કરી? કેટલા હળની છૂટ રાખી?

**પાંચ સુગંધી પદાર્થ (એલચી, લવિંગ, કપૂર, કંકોળ, જાયફળ) સિવાય બાકીના બધા પ્રકારના મુખવાસનો ત્યાગ કર્યો. ૫૦૦ હળ.**

૩. ગૌતમ સ્વામી બીજી અને ત્રીજી પોરસીએ શું કરે છે?

**બીજી પોરસીએ સૂત્રના અર્થ ચિંતનરૂપ ધ્યાન કરે છે અને ત્રીજી પોરસીએ ઉતાવળ અને ચપળતા રહિત**

**થઈને મુખવસ્ત્રિકાનું અને ત્યારબાદ પાત્ર અને વસ્ત્રનું પ્રતિલેખન કરે છે. પ્રતિલેખન કરી વસ્ત્ર અને પાત્ર ને પૂંજે છે.**

૪. ઉપાસકદશાંગ સૂત્ર અંગ છે ઉપાંગ? કાલિક છે ઉત્કાલિક? કેટલામું? રચના કોણે કરી છે?

**અંગ, કાલિક, સાતમું, ગણધર સુધર્મા સ્વામી.**

**પ. કોણ બોલે છે? કોને કહે છે?**

૧) હા થઈ શકે. **ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને કહે છે.**

૨) તેવું જ તને કહેલ છે. **સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો. (પ)**

૧. રાજા ..... અને ..... પાલનમાં દઢ અને અડગ હતા. **પ્રતિજ્ઞા, કર્તવ્યપાલનમાં**

૨. અંતગડ દશાંગ સૂત્રનું પાંચમું ..... અને દશમું ..... અધ્યયન છે. **સ્તિમિત, વિષ્ણુકુમાર**

૩. મારો આત્મા મને ....., ......, ...... અને ...... છે. **ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ**

૪. દ્વારિકા નગરીમાં ...... વૃક્ષ અને ...... યક્ષનું યક્ષાતન હતું. **અશોક, સુરપ્રિય**

(પ)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. સાતમા અધ્યયનનું નામ શું છે? (વારિષેણ, **લષ્ટદંત**, દીર્ઘદંત)

૨. જાલિ દેવનું આયુષ્ય કેટલા સાગરનું છે? (**૩૨**, ૩૧, ૩૩)

૩. જાલિ અણગારે કેટલા સમય સંયમ પર્યાયનું પાલન કર્યું? (૨૦ વર્ષ, **૧૬ વર્ષ**, ૧૪ વર્ષ)

૪. જાલિ કુમારે કેટલી કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું? (૩૨, ૫૦૦, ૮)

૫. જાલિ અણગાર પ્રકૃતિથી કેવા હતા? (**ભદ્ર**, સરળ, પ્રામાણિક)

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક અને પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. અટ્ઠા **વએ ય નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ । તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ** જોઇણો ॥

**અર્થ : ૧૮) અટ્ઠાવએ ય નાલીએ – જુગાર રમવો, પાસાંનો જુગાર રમવો ૧૯) છત્તસ્સ ય ધારણટ્ઠાએ – છત્રને ધારણ કરવું ૨૦) તેગિચ્છં – દવા ચિકિત્સા આદિ કરાવવા ૨૧) પાહણાપાએ – પગરખાં આદિ પગમાં ધારણ કરવા ૨૨) સમારંભં ચ જોઇણો – અગ્નિનો આરંભ કરવો.**

૨. જહા **દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં । ણ ય પુપ્ફં કિલામેઇ, સો ય પીણેઇ** અપ્પયં ॥

**અર્થ : જેમ ભમરો વૃક્ષનાં ફૂલોને પીડા પહોંચાડ્યા વિના તેમાંથી મર્યાદાપૂર્વક રસ પીને પોતાના આત્માને**

**તૃપ્ત કરી લે છે.**

૩. ગિરીવરે **વા નિસહાયયાણં, રુયએ વ સેટ્ઠે વલયાયતાણં ।**

**તઓવમે સે જગભૂઇપણ્ણે, મુણીણ મજ્ઝે તમુદાહુ** પણ્ણે ॥

**અર્થ : જેમ લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે તેવી ઉપમાએ કરી પ્રાજ્ઞ શ્રી મહાવીરદેવ મુનિઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતા.**

૪. સે **ભૂઇપણ્ણે અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખૂ ।**

**અણુત્તરં તપ્પઇ સૂરીએ વા, વઇરોયણિંદે વ તમં** પગાસે ॥

**અર્થ : તે ભગવાન મહાવીર અનંતજ્ઞાની, અપ્રતિબદ્ધ વિહારી, સંસારસાગરને તરનારા, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાળા તથા જેમ સૂર્ય સર્વથી વિશેષ તપે છે તેમ તેઓ સર્વથી અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે છે તેમ તેઓ અજ્ઞાન અંધકાર દૂર કરી પ્રકાશ કરનાર હતા.**

૫. આયા **વયાહિ ચય સોગમલ્લં, કામે કમાહિ કમિયં ખુ દુક્ખં ।**

**છિંદાહિ દોસં વિણઇજ્જ રાગં, એવં સુહી હોહિસિ** સંપરાએ ॥

**અર્થ : મનને વશ કરવા હે શિષ્ય ! તું આતાપના લે, સુકુમારપણાને છોડ. એમ કામ વાસનાને ઓળંગી જા અર્થાત્ દાબી દે, નહિતર તો ખરેખર આ લોક ને પરલોકમાં દુઃખી થઈશ. દ્વેષને છેદ, રાગને દૂર કર, એમ કરવાથી સંસારમાં સુખી થઈશ.**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે મને ઓળખો.**

૧. ૩૩૦ દિવસ સંયમ પાળવાથી અમારા સુખ ઉલ્લંઘી જવાય. **નવ ગ્રૈવેયક**

૨. અમારું વર્ણન ભગવતી સૂત્રમાં છે. **શ્રમણ નિર્ગ્રંથના સુખની તુલ્યતા, ગર્ભવિચાર**

૩. પાંચ માસ નિર્મળ સંયમ પાળવાથી અમારા સુખ ઉલ્લંઘી જવાય. **ચંદ્ર, સૂર્ય**

૪. જિનેશ્વર ભગવંતોએ અમને બતાવવા માટે શ્રમણ નિર્ગ્રંથના સુખોના ભાવ બતાવ્યા છે.

**અનુત્તરતા, અણમોલતા, અનુપમતા**

૫. ગર્ભસ્થ જીવ સાથે મારો સંબંધ છે. **માતાની નાડી**

૬. પ્રસવના સમયે હું યોનિમાર્ગથી આડો બહાર આવું છું. **પાપી જીવ**

૭. ગર્ભસ્થ જીવ અમારી અભિલાષાને કારણે નરકમાં જાય છે. **રાજ્ય, ધન, કામ, ભોગ**

૮. આદિત્યના સુખ આટલા માસ સંયમ પાળવાથી ઉલ્લંઘી જવાય છે. **આઠ માસ**

૯. યોનિમાં અમારો આહાર લેવાનો હોય છે. **શુક્ર, વીર્ય**

૧૦. શુદ્ધ પરિણામવાળા થઈને અમે સિદ્ધ થઈએ છીએ. **શ્રમણ નિર્ગ્રંથ**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. અશાતા વેદના એટલે શું? **વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી પ્રતિકૂળ વેદના.**

૨. મનુષ્યમાં ભય વધારે કે પરિગ્રહ વધારે? કેટલો? બે શબ્દમાં લખો. **પરિગ્રહ, સંખ્યાતગુણો.**

૩. લોક સંજ્ઞા અને આહાર સંજ્ઞાનું ત્રીજું કારણ લખો.

**લોક સંજ્ઞા–અન્ય લોકોને દેખીને પોતે એવું કામ કરવું, આહાર સંજ્ઞાનું ત્રીજું–આહાર દેખવાથી.**

૪. વીંછીમાં સાતમા અને પાંચમા દ્વારમાં કઈ વેદના હોય? તે વેદનામાં કેટલા દંડક હોય?

**અનિદા વેદના. ૨૪ દંડકમાં. સુખ વેદના, દુ:ખ વેદના, સુખ–દુ:ખ વેદના. ૨૪ દંડકમાં.**

૫. સંજ્ઞા કેટલા અને કયા ગુણસ્થાનમાં હોય? **૬, ૧ થી ૬ ગુણસ્થાન.**

૬. ૧૫૦ દિવસે શ્વાસ કોણ લે છે? **ઉત્કૃષ્ટ પાંચમા દેવલોકે, જઘન્ય છટ્ઠા દેવલોકે.**

૭. ગૌતમ સ્વામીએ મહાવીર સ્વામીને શું પ્રશ્ન પૂછ્યો?

**હે ભગવાન ! નારકી, દેવતા, તિર્યંચ અને મનુષ્ય કેવી રીતે શ્વાસોચ્છ્વાસ લે છે?**

૮. દંડકમાં સંજ્ઞા કેવી રીતે હોય છે?

**કોઇને સામગ્રી અધિક મળવાથી પ્રવૃત્તિરૂપે હોય છે. કોઇમાં સત્તારૂપે હોય છે.**

૯. શીતોષ્ણ વેદના કોને ન હોય? **નારકીમાં**

૧૦. અનિયતકાળ એટલે શું? **બે શ્વાસોચ્છ્વાસ વચ્ચેનો કાળ નક્કી નથી.**

(૫)

**પ્ર. ૧૦ આગમ પરંપરાના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં ક્યાં વાંચના થઈ? (**વલ્લભીપુર**, મથુરા, પાટલીપુત્ર)

૨. પાંચમા પૂર્વમાં કેટલા વત્થુ છે?. (**૧૨**, ૧૪, ૧૬)

૩. બારમા પૂર્વમાં કર્મની પ્રકૃતિ આદિનું વર્ણન છે. (ક્રિયાનું, લોક સ્વરૂપ, **પ્રાણના વિષય**)

૪. કયા વૈજ્ઞાનિકે પ્રકાશ સાથે પથ્થર પડ્યા તેને ઉલ્કા તરીકે માની. (લુસ, બર્થલન, **બાયોટ**)

૫. ચોથા પૂર્વમાં કેટલી પદ સંખ્યા છે? (**૬૦ લાખ**, ૯૬ લાખ, ૮૪ લાખ)

**જય – જિનેન્દ્ર**

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
❋ FOR BOOKS AND EXAM REGISTRATION.